# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

સંદર્ભઃ–ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંકઃજીજી/૨૦/૨૦૨૦/વિ–૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨
તા.૨૩/૦૩/૨૦૨૦

**પરિપત્ર : –**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,પી.જી.સેન્ટરના વડાશ્રીઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને તથા યુનિવર્સિટીના તમામ વિભાગના વિભાગીય અધિકારીઓને જણાવવામાં આવે છે કે નોવેલ કોરોના વાઈરસ COVID-19 કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. નોવેલ કોરોના વાઈરસ COVID-19ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા તા.૧૩/૦૩/૨૦૨૦ જાહેરનામાથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 જાહેર કરેલ છે. તાજેતરમાં ફેલાયેલ નોવેલ કોરોના વાઈરસ COVID-19ની અસર કેટલાક શહેરોમાં જોવા મળતા જાહેર હિતમાં રાજય સરકારના ગૃહ વિભાગ દ્વારા ઉકત જાહેરનામાથી તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી ***સમગ્ર ગુજરાત રાજ્યમાં લોક ડાઉન જાહેર કરવામાં આવેલ છે.***

ઉપર્યુકત બાબત અને પરિસ્થિતીને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે **તા.૨૪/૦૩/૨૦૨૦** થી **તા.૩૧/૦૩/૨૦૨૦** સુધી યુનિવર્સિટી ખાતે **શૈક્ષણિક તેમજ વહીવટી કામગીરી** બંધ રાખવામાં આવે છે તેમજ દરેક કર્મચારીઓએ WORK FROM HOME મુજબ એકેડેમિક/એડમીનીસ્ટ્રેટીવ ફરજ બજાવવાની રહેશે. યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓએ ફરજ પરનું મુખ્ય મથક છોડવાનું રહેશે નહી અને રાજય સરકારશ્રી તરફથી જે સૂચનાઓ મળે તેની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે. કર્મચારીઓને બિનજરૂરી ઘરની બહાર ન નિકળવા અનુરોધ કરવામાં આવે છે અને હાલ દેશમાં જે આરોગ્યને લગતી મહામારીની ગંભીર પરીસ્થિતી ઉભી થઈ છે તેમાં સરકારશ્રીને સહકાર આપવા નમ્ર વિનંતી કરવામાં આવે છે.

- **યોગ્ય સમયે માહિતી મળતી રહે તે માટે સમયાંતરે ઈમેઈલ,વ્હોટસ એપ તથા યુનિવર્સિટીની ઓફીસીયલ વેબસાઈટ ચેક કરતા રહેવું**

**કા.કુલસચિવ**

નં. : બીકેએનએમયુ/રજી./ ૧૮૪ /૨૦૨૦
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા. ૨૪/૦૩/૨૦૨૦

**પ્રતિ,**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ/પી.જી.સેન્ટરના વડાશ્રીઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સિટીના તમામ વિભાગના વિભાગીય અધ્યક્ષશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના :–**
૧.માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ...

# ગુજરાત સરકાર

ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

તા.૨૩/03/૨૦૨૦.

જાહેરનામું ક્રમાંક: જીજી/૨૦/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨

નોવેલ કોરોના વાયરસ ( COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબંધમાં કેદ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા કેટલીક સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩.03.૨૦૨૦ના જાહેરનામાથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS, 2020 જાહેર કરેલ છે.

વધુમાં રાજયના બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૨/03/૨૦૨૦ના બે અલગ અલગ જાહેરનામાંથી પેસેન્જર વાહનોને રાજયની અંદર તેમજ રાજયમાંથી અન્ય રાજયોમાં આવન-જાવન પર પ્રતિબંધ પણ લાદવામાં આવેલ છે.

રાજ્યમાં COVID-19 ની અસર કેટલાક શહેરોમાં વર્તાઇ રહી છે તેની અસરોને નિયંત્રીત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ શહેર, વડોદરા શહેર, રાજકોટ શહેર, ગાંધીનગર શહેર અને સમગ્ર કચ્છ જિલ્લામાં તા.૨૧/3/૨૦૨૦ અને તા.૨૨/3/૨૦૨૦ના જાહેરનામાથી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓને મોકુફ રાખવાનો નિર્ણય લેવામાં આવેલ છે અને માત્ર નીચે મુજબની આવશ્યક સેવાઓને ચાલુ રાખવાનો નિર્ણય લીધેલ છે.

The EPIDEMIC DISEASES Act 1897 અને THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020ની જોગવાઇઓ હેઠળ મળેલ સત્તાઓ

Scanned with CamScanner

અન્વયે તા.૨૩/૦૩/૨૦૨૦ મધ્યરાત્રીથી તા.૩૧/૦૩/૨૦૨૦ મધ્યરાત્રી સુધી સમગ્ર રાજ્યમા લોક ડાઉન જાહેર કરવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધેલ છે. આવશ્યક સેવાઓ સિવાયની તમામ દુકાનો, વાણિજ્યક સંસ્થાઓ, ઓફિસો, ફેક્ટરી, નાના ઉદ્યોગો, વર્કશોપ, ગોડાઉન આ સમયગાળા દરમ્યાન સદન્તર બંધ રહેશે.

ફક્ત નીચે મુજબની આવશ્યક સેવાઓ ઉક્ત સમયગાળા દરમ્યાન ચાલુ રહેશે.

- તમામ સરકારી અને મ્યુનિસિપલ કોર્પોરેશન/નગરપાલિકા તથા પંચાયત સેવાઓ
- દૂધ-શાકભાજી, ફળ-ફળાદી, કરીયાણું, પ્રોવીઝનલ સ્ટોર.
- ખાદ્ય પદાર્થો તથા ખાદ્ય સામગ્રી, પેસ્ટકન્ટ્રોલ અને અન્ય આવશ્યક સેવાઓના ઉત્પાદન, પરિવહન અને પુરવઠા વ્યવસ્થા અને તેને લગતુ ઈ-કોમર્સ
- મેડીકલ સ્ટોર, દવાખાના/હોસ્પિટલ, લેબોરેટરી, દવા/મેડીકલ સાધનોની ઉત્પાદક કંપની તથા તેમના રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર્સ, ફાર્મસી, આરોગ્યલક્ષી સેવાઓ.
- પશુ આહાર, ઘાસચારો તથા પશુઓની દવા તથા સારવાર સબંધિત સેવાઓ
- વીજળી ઉત્પાદન, વિતરણ અને મેન્ટેનન્સ અંગેની સેવાઓ
- ઈન્ટરનેટ/ટેલિફોન, મોબાઈલ તથા આઈ.ટી અને આઈ.ટી સંબંધિત સેવાઓ
- મીડીયા-સમાચાર પત્રો
- પાણી પુરવઠો તથા ગટરવ્યવસ્થા તંત્ર
- પેટ્રોલ, ડિઝલ, એલ.પી.જી./સી.એન.જી./પી.એન.જી.ને સંબંધિત પંપ, ઓપરેશન ઓફ પ્રોડકશન યુનિટ, પોર્ટ ઓફ લોડીંગ, ટર્મિનલ ડેપોઝ, પ્લાન્ટસ તથા તેને સંબંધિત ટ્રાન્સપોર્ટેશન અને ડિસ્ટ્રીબ્યુશન સેવાઓ

Scanned with CamScanner

- વીમા કંપની, બેંક/એ.ટી.એમ. તથા એ.ટી.એમ.ને કાર્યરત રાખવા માટેની સેવાઓ, બેંકોનું ક્લીયરીંગ હાઉસ, સ્ટોક એક્સચેન્જ
- પોસ્ટ અને કુરીયર સર્વિસ
- ખાનગી સિક્યુરીટી સેવા
- તમામ આવશ્યક ચીજ વસ્તુઓના પરિવહન સંગ્રહ અને વિતરણને લગતી તમામ સેવાઓ ઉપરાંત અતિઆવશ્યક સેવાઓ ગોડાઉન તથા અન્ય અતિ આવશ્યક સેવાઓ.

સતત પ્રકિયાવાળા ઉત્પાદન કરતા એકમો કે જેમની પાસે "Lock In" સુવિધાઓ છે કે જેમાં કામદારો માટે વિશેષ વ્યવસ્થા ઉપલબ્ધ છે તેવા એકમો સંબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટની પરવાનગીથી ચાલુ રહી શકશે.

આ જાહેરનામાનું અસરકારક અમલીકરણ સર્વે પોલીસ કમિશ્નર, જિલ્લા મેજીસ્ટ્રેટ તથા જિલ્લા પોલીસ વડા દ્વારા કરાવવાનું રહેશે. આ જાહેરનામાના ભંગ બદલ The EPIDEMIC DISEASES Act 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020ની જોગવાઇઓ હેઠળ તથા ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકલમથી અને તેમના નામે,

(પંકજ દવે)
ઉપ સચિવ (કા.વ્ય.-૧)
ગૃહ વિભાગ

Scanned with CamScanner